Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# વર્તમાન સમયમાં લગ્નસંસ્થામાં બદલાતી તરાહ

## Recent change in pattern of Marriage Institution Today

ડૉ.હસમુખ પંચાલ

મ.પ્રોફેસર-સમાજશાસ્ત્ર,મ.દે.ગ્રામસેવા સંકુલ,ગૂજરાત વિદ્યાપીઠ,રાંધેજા-382620. મો.9429732401

**1. પ્રસ્તાવના** – જીવનની ઊંચી રહેણીકરણી અને ફેશનમાં તેમજ અમેરિકા,કેનેડા,ઓસ્ટ્રેલિયામાં રહેનારાં યુવક-યુવતીઓની મોડર્ન લાઈફ સ્ટાઈલ ગમે તેટલી અલ્ટ્રામોડર્ન થાય પણ લગ્ન તો હજીય લગ્નવેદી ફરતા ચાર ફેરા ફરીને જ થાય છે.વ્યક્તિ અને સમૂહને સમજવા માટે લગ્ન,કુટુંબ અને સગાઈ-સંબંધોની સામાજીક સંસ્થાઓનું મહત્વ છે.વિવિધ પરિબળો અને પ્રક્રીયાઓની અસરને લીધે બ્રિટિશ શાસનકાળ દરમિયાન લગ્નસંસ્થામાં કેટલાક દૂરગામી પરિવર્તનોનો પ્રારંભ થયો અને સ્વતંત્ર ભારતમાં પરિવર્તનનાં પરિબળો અને પ્રક્રિયાઓનું વિસ્તૃતીકરણ થતાં લગ્નસંસ્થામાં પરિવર્તન ઝડપી બન્યું. જોકે, જૂના વખતમાં લગ્નસંસ્થા સંપૂર્ણ સ્થિર હતી અને તેમાં કોઇ પરિવર્તનો આવતા નહીં એવું નથી. જૂનાવખતમાં પણ લગ્નસંસ્થામાં પરિવર્તનો આવતા પણ તે ધીમાં હતા. પરંતું બ્રિટિશ શાસનકાળ દરમિયાન વિકસેલાં શહેરીકરણ,ઉધોગીકરણ,આધૂનિકીકરણ,કાનૂનીકરણ,સંચારસાધનો,અંગ્રેજીશિક્ષણ વગેરે પ્રક્રીયાઓ અને પરિબળોએ લગ્નના ખ્યાલો, લગ્ન વિષેના આદર્શો, લગ્નની પધ્ધતીઓ વગેરે પર ઊંડી અસર કરી અને લગ્નસંસ્થામાં દૂરગામી પરીવર્તનો નિપજાવ્યાં.વર્તમાન સમયમાં લગ્નસંસ્થામાં બદલાતી તરાહનો પ્રસ્તુત અભ્યાસ છે.

**કી વર્ડ** – લગ્ન , લગ્નસંસ્થા , કુટુંબ , સગાઈ-સંબંધો , લગ્નસંસ્થામાં પરિવર્તન

**1. સાહિત્ય સમિક્ષા** – ગોર કલ્પેશ જોષી ડિસેમ્બર 2014 ના સખી સામયીક માં જણાવે છે કે પરદેશમાં વસતા ગુજરાતી કુટુંબના દિકરાના લગ્ન, ભારતીય વિધિથી કરાવતાં અંગ્રેજી ભાષા અને લેપટોપમાં લગ્નવિધિ બતાવી તથા મોબાઇલનો ઉપયોગ કરવો પડ્યો. નરસિંહ પટેલના પુસ્તક લગ્ન પ્રપંચમાં એવા દ્રષ્ટાંતો અને રીતરિવાજો દર્શાવ્યાં છે કે સમાજ પ્રત્યે તિરસ્કાર અને ધૃણા જન્મે, જે પરિવર્તન ઝંખે છે. ભરવાડ જ્ઞાતિમાં લગ્નવ્યવસ્થાનો અભ્યાસ કરતાં સલીમ ડાકોરા જણાવે છે કે બાળલગ્ન ઘટ્યા છે, સમૂહલગ્ન વધ્યા છે, સાટાલગ્નપ્રથા છે, લગ્ન અને પુનર્લગ્ન માતા-પિતાની

પસંદગી મૂજબ થાય છે. ડુંગરી ગરાસિયા જાતિમાં લગ્નવ્યવસ્થાનો અભ્યાસ કરતાં અર્પિત પટેલ જણાવે છે કે લગ્ન અને પુનર્લગ્ન માતા-પિતાની પસંદગી મૂજબ થાય છે અને કરિયાવર પ્રથા જોવા મળે છે.છૂટાછેડા જ્ઞાતિપંચ, સગાઓ અને કોર્ટ મારફતે લેવાય છે. ટૂંકમાં પરંપરા માંથી પરિવર્તન તરફનું વલણ વર્તાય છે. વર્તમાન પરિવર્તનની અસરો લગ્નસંસ્થામાં કઇ છે તે બદલાતી તરાહનો અભ્યાસ કરવાનો પ્રયાસ છે.

**1.1 અભ્યાસના હેતુ** – (1) વર્તમાન લગ્નસંસ્થાને સમજવી.

(2) વર્તમાન લગ્નસંસ્થામાં આવેલ પરિવર્તનોને સમજવા.

**1.2 અભ્યાસની પદ્ધતિ** - પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક પદ્ધતિ દ્વારા સંશોધન સમસ્યાને સમજવા, તપાસવા પ્રયત્ન કર્યો છે. અભ્યાસના હેતુ અનુસાર પ્રાપ્ત સાહિત્ય અને સેકન્ડરી ડેટા પર આધારિત અભ્યાસ છે. પ્રથમ વિભાગમાં વિષય પ્રવેશ અને સંશોધન પધ્ધતી અને બીજા વિભાગમાં પૃથ્થકરણ અને તારણ દર્શાવેલ છે.

**1.3 લગ્નસંસ્થા** – લગ્ન એ માનવ સમાજની મૂળભૂત અને પ્રાચીન સામાજીકસંસ્થા છે. લગ્ન દ્વારા કુટુંબ રચાય છે તેથી લગ્નએ કુટુંબની રચના માટે જ પ્રથમ પગથીયું છે.અગ્નીની સાક્ષીમાં સત્રી-પુરુષ લગ્નને પવિત્ર બંધન માનીને એક બીજા સાથે પતી-પત્ની તરીકે જોડાઈને જીવન પર્યંત એકબીજા સાથે રહીને જીવન વ્યતિત કરતાં જુદા-જુદા સમાજોમાં જીવનસાથીની પસંદગી માટેનાં ધોરણો, લગ્નના હેતુઓ, લગ્નના પ્રકારો, લગ્ન અંગેની માન્યતાઓ,રીત-રિવાજો વગેરેમાં ભિન્નતા હોવા છતાં લગ્ન એક અતિ મહત્વની, દરેક સમાજે સ્વિકારેલી પાયાની અને મૂળભૂત સામાજિક સંસ્થા છે.સદીઓથી સમાજે-સમાજે લગ્નસંસ્થાના સ્વરૂપમાં તફાવતો હોવા છતાં કેટલીક સર્વસામાન્ય લાક્ષણીકતાઓ તમામ સમાજમાં જોવામળે છે.શબ્દની વ્યુત્પત્તિની દ્રષ્ટિએ જોઇએતો **‘વિવાહ’**નો અર્થ “કન્યાને વરના ઘેર દોરી જવી” એવો થાય છે, સામાજિક સંસ્થા તરીકે લગ્ન એ કટુંબનો એક ભાગ છે અને તેનો સમાવેશ પણ કુટુંબમાં થાય છે. સૈધ્ધાંતિક રીતે કુટુંબ વિશેની વિચારણાનો પ્રૈરંભ લગ્નથી થાય છે. સામાજિક સંસ્થા તરીકે લગ્નની વ્યખ્યા આપતાં **પ્રો.વેસ્ટર્માર્ક** નોધે છે- “લગ્ન એક કે વધારે પુરૂષોનો એક કે વધારે સ્ત્રીઓ સાથનો સંબંધ છે, જેનો સમાજના રિવાજ કે કાયદા વડે સ્વીકાર થયો હોય છે. આ પ્રકારના સંબંધમાં લગ્ન કરનારી વ્યક્તિઓ અને તેમને થનારાં બળકોના પારસ્પારિક હક્કો અને ફરજોનો સમાવેશ થાય છે” હિન્દુઓમાં લગ્ન પ્રત્યેક વ્યક્તિ માટે ફરજિયાત માનવામાં આવ્યું હતું. હિન્દુઓમાં વિવાહને શરીરશુધ્ધિનો સંસ્કાર ગણવામાં આવ્યો છે અને પ્રત્યક સ્ત્રી-પુરૂષે યોગ્ય વયે આ સંસ્કારમાંથી પસાર થવું અનિવાર્ય માનવામાં આવ્યું છે.

**2. વર્તમાન સમયમાં લગ્નસંસ્થા માં બદલાતી તરાહ** –

વર્તમાન ભારતીય સમાજમાં લગ્ન માટેના પરંપરાગત મૂલ્યો, વિચારો કે પરંપરામાં કેટલાક પરિવર્તનો જોવા મળે છે. કેમકે આધુનિકતા અને નવાં મુલ્યે, નવા વિચારોને કારણે લગ્નસંસ્થાનાં સંદર્ભમાં કેટલાક નવા પાસાં વિકસતા જોવા મળે છે.સમાજે-સમાજે લગ્નની અગત્ય, વિધિઓ અને તેનાં મૂલ્યોમાં તફાવત હોય છે. આધુનીક સમયમાં માનવજીવનના નવાં મૂલ્યો એ લગ્ન તરફનું દ્રષ્ટિબિંદુ બદલ્યુ છે.બદલાયેલા દ્રષ્ટિબિંદુઓ વચ્ચે, વર્તમાન સમયમાં લગ્નસંસ્થા માં બદલાતી તરાહ નીચે મુજબ છે.

- **હિન્દુ લગ્ન એક સંસ્કાર** - હિન્દુ લગ્નને ધાર્મિક સંસ્કાર માનવામાં આવે છે. જે વ્યક્તિ લગ્ન નથી કરતી તેની સમાજ "વાંઢા" તરીકે ટીકા કરે છે. લગ્નએ માત્ર જાતીય આનંદનો સંતોષ તથા સંતાન પ્રાપ્ત કરવા માટેનો સામાજિક કરાર નથી. પરંતુ બે આત્માઓનું ધર્મના પાલન દ્વારા મોક્ષ મેળવવા માટેનું પવિત્ર જોડાણ છે. લગ્ન ધાર્મિક સંસ્કાર હોવાથી હોમ, પાણીગ્રહણ અને સપ્તપદી જેવી ધાર્મક ક્રિયાઓ અનિવાર્ય ગણાય છે. હિન્દુ લગ્નની પરંપરાગત ભાવના પ્રમાણે પતિ-પત્નીનો સંબંધ સ્પષ્ટ રીતે જીવનપર્યતનો સંબંધછે. કારણકે બન્નેને પતિ-પત્ની તરીકે જોડનાર લગ્નના ધાર્મિક સંસ્કાર સમગ્રજીવન માટે છે.લગ્નમાં પતિ-પત્નીએ સ્વભાવ, અભિરૂચિઓ અને આદર્શમાં બાંધછોડ કરવી પડે છે.આમ, બંને પક્ષે ત્યાગની ફિલસૂફી હિન્દુ વિચારકોએ રજૂ કરી છે.પરંતુ વર્તમાન સમયમાં મૂલ્યો બદલાયાં છે. ત્યાગ ભાવનાની જગ્યાએ સ્વાર્થ ભાવના પ્રબળ બની હોઇ લગ્નસંસ્થા, કુટુંબસંસ્થાને નીભાવવી કઢીન કાર્ય બન્યું છે.
- **હિન્દુ લગ્ન એક સંસ્કાર કે કરાર ?** - માનવીના જીવનકાળ દરમિયાન ગર્ભધાન, જન્મ, નામકરણ, યજ્ઞોપવિત, મૃત્યું વગરે સોળ સંસ્કારો પૈકી લગ્ન એક મહત્વનો અને અનિવાર્ય સંસ્કાર ગણાય છે.હિન્દુ શાસ્ત્રોએ સ્ત્રીને માટે માત્ર કજ સંસ્કાર કરવાનું જરૂરી માન્યુ છે અને તે છે લગ્નનો સંસ્કાર. સૈધ્ધાંતિક રીતે હિન્દુ લગ્ન સંસ્કારમાંથી કરાર તરફ જઇ રહ્યું છે. બિનસાંપ્રદાયિક અને વ્યક્તિવાદી વલણોના કારણે લગ્ન સાથે સંકળાયેલાં પરંપરાગત આધ્યાત્મિક મૂલ્યોમાં પનિવર્તન આવ્યું છે. આથી આધુનિક હિન્દુ લગ્ન પણ સંપૂર્ણપણે સંસ્કાર રહ્યું નથી કે કરાર પણ નથી. 1954ના સ્પશિયલ મેરેજ એક્ટ નીચે થયેલા લગ્નોમાં પારસ્પરિક સંમતિથી છૂટાછેડા મેળવી શકાય છે. 1955ના હિન્દુ લગ્નના કાયદામાં પણ આવી જોગવાઇ થઇ છે. લગ્ન અંગેના કાયદાથી લગ્નની વય ઊંચી ગઇ છે. વિધવાના લગ્નને કાનુની માન્યતા પ્રદાન થઇ છે અને વિધવા પુનર્લગ્ન થવા લાગ્યા છે. પ્રેમલગ્ન સ્વીકૃત બન્યું છે. સ્ત્રી-પુરૂષ બંનેને છૂટાછેડાનો કાનૂની અધિકાર મળ્યો છે. છૂટાછેડાના કિસ્સા

અને છૂટાછેડા બાદ પુનર્લગ્નના કિસ્સા વધતા જાય છે.લગ્નમાં સ્વપસંદગીનું મહત્વ વધ્યું છે. જેમાં શિક્ષિતબનેલી અને કારકિર્દીને મહત્વ આપતી સ્ત્રીઓ સ્વતંત્રતાને વધુ મહત્વ આપવા લાગી છે.તેમજ આ સ્ત્રીઓ એવા પતિ સાથે જોડાવવા માંગે છે જે તે કહે તેમ કરવા માટે તૈયાર હોય. આવી સ્ત્રીઓ લગ્ન પહેલા કેટલીક શરતો કરે છે જેમ કે શહેરમાં રહેવું પડશે, સાડી નહી પહેરું, નોકરી કરવાની છૂટ આપવી પડશે, રવિવારે એટલેકે રજાના દિવસે બહાર હોટલમાં જમવા લઇ જવી પડશે, ફિલ્મ દખાડવી પડશે....પણ જો પુરૂષ તેને કહે કે સમય આવ્યે નોકરી છોડવી પડે તો તમે છોડશો ? સ્ત્રી જવાબ આપે છે કે જો છોડવાનું થાય તો પતિને છોડીશ પણ નોકરીતો હું નહિ જ છોડું ! આ દ્રષ્ટિએ જોતાં લગ્નમાં કરારી તત્વોનો વિકાસ થયો છે.

- **<u>લગ્નની વિધિ</u>** – લગ્ન પરથી પરંપરાગત આધ્યાત્મિક મૂલ્યોનો પ્રભાવ સંપૂર્ણપણે અદ્રશ્ય થયો નથી. લગ્ન વખતે બ્રાહ્મણ દ્વારા થતી વૈદિક વિધિઓ જળવાઇ રહી છે. પ્રેમલગ્ન માન્ય ગણાયું છે. પણ બદલાયું છે. અગ્નિ, સપ્તપદી, ચાર મંગળફેરા, કન્યાદાન, પાણિગ્રહણ વગેરે વિધિઓથી લગ્ન કરાય નહી પણ પ્રેમલગ્ન કે કોર્ટ મેરેજ થાય તો પણ હવે તેને કાયદેસર માન્યતા મળે છે. બીજી તરફ જૂની ધાર્મિક વિધિઓ ખૂબ ટુંકાવી દેવાઇ છે. વૈદિક વિધિ પ્રમાણે સમાજમાં લગ્નતો કરવામાં આવે છે પણ હવે ઓછા સમયમાં આ વિધિ સંપન્ન કરવામાં આવે છે, તેનું મહત્વ ઘટવા લાગ્યું છે.અન્ય વ્યક્તિઓને લગ્ન વિધિમાં હાજર રહેવા નિમંત્રણ અપાતું નથી પરંતુ સત્કારસમારંભ અને ભોજનસમારંભમાં હાજર રહેવા નિમંત્રણ અપાય છે.
- **<u>કન્યાદાન</u>** – "કન્યાદાન" એ લગ્નવિધિનું આવશ્યક અંગ છે, જેમાં મા-બાપ પોતાની પુત્રીનું યોગ્ય-લાયક પુરૂષને લગ્નમાં દાન કરે છે. પરંપરાથી કન્યાદાનની પ્રથા પ્રચલિત રહી છે. કન્યાદાન વખતે મા-બાપ તરફથી પોશાક, અલંકારો, વગેરે કન્યાને ચીજવસ્તુઓની ભેટ પણ અપાય છે.પરંતું તેમાં ભૌતિકતા, સામાજીક પ્રતિષ્ઠા, વરને ખરીદવાનો ખ્યાલ વ્યક્ત થાય છે. કન્યાદાન કરનાર અને કન્યાદાન લેનાર વચ્ચેના સંબંધો અસમાનતાભર્યા બન્યા છે.દાન લેનાર વરપક્ષનો દરજ્જો દાન દેનાર કન્યાપક્ષ કરતાં ઊંચો ગણાય છે. આમ, કન્યાદાનમાં જે ધાર્મિક-આધ્યાત્મિક તત્વો હતાં તેની જગ્યાએ સામાજિક-ભૌતિક તત્વો વિશેષ જોવા મળે છે.
- **<u>લગ્નનું સામાજિક-ભૌતિક પાસું વિકસીત બન્યું છે</u>**.- લગ્ન ઊંચો દરજ્જો પ્રાપ્ત કરવાના એક સાધન તરીકે જોવાવા લાગ્યું છે. અનુલોમ પ્રથા અનુસાર ઊંચા દરજ્જાના પુરૂષ સાથે પુત્રીના લગ્ન યોજીને મા-બાપ પોતાનો દરજ્જો ઊંચો લઇ જવા પ્રયાસ કરે છે.બીજી બાજુ, વરપક્ષ ઊંચું દહેજ મેળવીને, ઊંચું વરશુલ્ક મેળવીને પોતાની ભૈતિક પરિસ્થિતિ સુધારવા

પ્રયત્ન કરે છે. કન્યાપક્ષ અને વરપક્ષ વચ્ચે લગ્નના વ્યવહાર તરીકે આર્થિક-ભૈતિક લેવડ-દેવડ દ્વારા બંને પક્ષ પ્રતિષ્ઠા મેળવવા પ્રયત્ન કરે છે. આવું જ કન્યાશુલ્કમાં જોવા મળે છે.

- **લગ્નની ઢબ એટલે દરજ્જા-પ્રતિષ્ઠાના પ્રતીક** – પહેલાના સમયમાં લગ્ન સમયે નજીકનાં સગાંને આમંત્રણ અપાતું અને ઘરઆંગણે લગ્નવિધિ યોજાતી.પરંતુ હવે નજીકનાં સગાં ઉપરાંત વિશાળ મિત્રવૃંદ, વિશાળ ધંધાકીય અને રાજકીય સંબંધીઓ તેમજ પડોશીઓ વગેરે અસંખ્ય લોકોને લગ્ન પ્રસંગના ભોજન સમારંભમાં આમંત્રણ અપાય છે.લગ્ન અતિ ખર્ચાળ બન્યાં છે, મોભો દર્શાવવા સુશોભિત લગ્નમંડપ અને વિશાળ ભોજનમંડપ દરજ્જા-પ્રતિષ્ઠાના પ્રતીક બની રહે છે. "લાખેણા" એટલે કેટલા લાખ રૂપિયાના ? તો જણાવ્યું કે હવે "લાખ"નો આંકડો તો "રાખ" જેવો છે.કરોડો નહીં અબજોના ખર્ચવાળાં લગ્નો થાય છે. "ડિમોનેટાઇઝેશન" ની ઐસી તૈસી કરે છે.વરરાજાની જાન જાય તે પહેલાં ગામના તમામ લોકોને નાચવા કુદવાનો અવસર મળે એટલે શરણાઇ અને ઢોલના તાલમાં વરરાજાના ગામમાં પ્રથમ વરરાજાનું "ફૂલેકું" નીકળે. ફૂલેકું એટલે ફૂલેકું – વરઘોડો નહીં.વરઘોડો તો કન્યાને પરણવાના ગામમાં દુલ્હો જાય, ત્યાં ઘોડી કે ઘોડા ઉપર વરઘોડો નીકળે. ફૂલેકું તો વરરાજાના ગામમાં નીકળે. આખી રાત આખું ગામ શરણાઇ અને ઢોલનાં તાલે નાચે. એ પછી બીજે દિવસે વરરાજાની જાન જાય. હજી પણ લગ્નનાં ગીતો ગવાય છે. ગમે તેટલી ફેશન આવે પણ લગ્નનાં ગીતો તો ગવાશેજ. ધીમેધીમે મીઠાઇમાં ધનિકો આગળ વધ્યા.હવે તો આ મીઠાઇની તરેહ આસમાને પહોંચી છે. જનોઇ પહેરેલા બ્રાહ્મણો મીઠાઇ બનાવતા દેખાતા નથી. કંદોઇની દુકાનેથી, તૈયાર ફરસાણ-મીઠાઇ આવે છે.છતા આજે સામાજિક પ્રતિષ્ઠા અને ભૌતિક સંપત્તિના પ્રદર્શન દ્વારા આત્મપ્રદર્શન થતું હોય છે.
- **લગ્નવય ઊંચી આવતી જાય છે** – વર્તમાન સમયમાં બાળલગ્નોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.1954ના સ્પેશ્યલ મેરેજ એક્ટ અને 1955ના હિન્દુલગ્નના કાયદામાં પણ કાયદેસરના લગ્ન માટે પુખ્તવય આવશ્યક છે. કાનુની સુધારા ઉપરાંત સ્ત્રીશિક્ષણનો વિકાસ, લગ્ન સાથે સંકળાયેલા ધાર્મિક ખ્યાલોનો ઘટેલો પ્રભાવ, વગેરે કારણોસર લગ્નની વય ઊંચી લઇ જવાનું સૂચવે છે. નવા કાનૂની સુધારા દ્વારા લગ્નવય છોકરા માટે 21 વર્ષ અને છોકરી માટે 18 વર્ષની કરવામાં આવી છે.
- **જીવનસાથીની પસંદગીનાં ધોરણોમાં પરિવર્તન** – જયારે વ્યક્તિ કરતાં કુટુંબના હિત પર વધારે ભાર આપતો ત્યારે વરકન્યાની પસંદગીમાં બન્ને પક્ષો એકબીજાની જ્ઞાતિ, કુટુંબનો મોભો, આર્થિક સ્થિતિ, કૌટુંબિક વ્યવસાય અને મિલકત, વગેરે બાબતોને વધુ પ્રાથમિકતા કે મહત્વ આપતા. જીવનસાથીની પસંદગી વડીલો કે માતા-પિતા દ્વારા કરવામાં આવતી

હોવાથી વ્યક્તિગત કરતાં કૌટુંબિક બાબતોને તેઓ વધુ મહત્વની ગણતા. લગ્નને બે વ્યક્તિઓના કરતાં બે કુટુંબનું જોડાણ સવિશેષ માનવામાં આવતું. **પરંતું............વર્તમાન** સમયમાં આ ધોરણોમાં પરિવર્તન આવ્યું છે.સ્વપસંદગીને સ્થાન મળ્યું છે. કૌટુંબિક વિશેષતાને બદલે વ્યક્તિગત લાયકાતને વધુ પ્રાથમિકતા આપવામાં આવે છે. વરની પસંદગીમાં પણ કૌટુંબિક પરિસ્થિતિ અને મિલકત કરતાં કારકિર્દી, શિક્ષણ અને વય ક્રમમાં સર્વોચ્ચ મહત્વનાં ગણાંવા લાગ્યાં છે.અંતર્લગ્નના નિયમનાં કારણે પસંદગી મહદંશે જ્ઞાતિના ક્ષેત્રની અંદર જ થતી હોવા છતાં નગરીકરણ, ઉધોગીકરણ, શૈક્ષણિક વિકાસ, વ્યક્તિસ્વાતંત્ર્ય જેવા પરિબળોના કારણે પસંદગીનાં અન્ય ધોરણોમાં ઉપર્યુક્ત પરિવર્તનો જોવા મળે છે.

- **<u>આંતરજ્ઞાતિય અને આંતરધર્મીય લગ્ન શક્ય બન્યાં છે</u>** – 1954ના સ્પેશ્યલ મેરેજ એક્ટ અને 1955ના હિન્દુ મેરેજ એક્ટથી આવા લગ્નોને સંપૂર્ણ કાનૂની સમર્થન મળ્યું. વર્તમાન સમયમાં ભારતમાં સહશિક્ષણ, સ્ત્રીઓનો વ્યવસાય પ્રવેશ, ઉદારમતવાદી વિચારો, સ્ત્રી-પુરૂષ સંપર્કોના ક્ષેત્રોનો વિકાસ, પડોશ, પીકનિક, મેળાવડા, લગ્નવય ઊંચી જવી, વગેરે વિવિધ પરિબળોની અસર નીચે આંતરજ્ઞાતીય અને આંતરધર્મીય લગ્નોને સ્વીકૃતિ અપવાનું વલણ સમાજમાં વિકસવા લાગ્યું છે. પરંતુ આવા લગ્નોનો સ્વાભાવિક સ્વીકાર થાય છે તેમ નથી. આવા લગ્નોના કિસ્સામાં લગ્નથી જોડાનાર બંને પાત્રોના જ્ઞાતી દરજ્જામાં બહુ તફાવતો હોય તેવા કિસ્સામાં જે તે કુટુંબ દ્વારા તેનો વિરોધ થતો હોય છે. લગ્ન કરનાર યુવક-યુવતીને ઘણં સહન કરવું પડતું હોય છે અને કેટલીકવાર ઓનર કિલિંગના બનાવો બને છે. આ બાબત એમ સુચવે છે કે જ્ઞાતિનું અંતર્લગ્નનું લક્ષણ અને પરંપરાગત યોજીત લગ્નની પ્રથાનું સાતત્ય જાળવી રાખવાના પ્રયાસો થાય છે. એટલે કે આવા લગ્નો શક્ય બન્યા હોવા છતાં તે રિવાજમાં પરિણમ્યા નથી.
- <u>બહુપતિ-પત્ની લગ્ન ગેરકાનૂની બન્યાં છે</u> - 1955ના હિન્દુલગ્નના કાયદાથી હિન્દુ સમાજમાં ઉપર્યુક્ત પ્રથાઓનો સદંતર અંત આવ્યો છે. એકપતિ-પત્ની લગ્નપ્રથાનો એક આદર્શ પ્રકાર તરીકે સ્વીકાર થયો છે. આ ઘટના પણ હિન્દુ સમાજમાં પરંપરાગત લગ્નવિષયક મૂલ્યોમાં આવેલું પરિવર્તન સૂચવે છે. જે સમુદાયોમાં બહુપતિ લગ્નપ્રથા હતી તે સમુદાયોમાં એકસાથી લગ્નપ્રથા પ્રચલિત બનવા લાગી છે. ખાસા લોકોમાં ભ્રાતૃકીય બહુપતિ પ્રથાના સ્થાને તેઓમાં બહુપતિ અને બહુપત્નીના મિશ્રણરૂપ લગ્નપ્રથા વિકસવા લાગી છે.

- **<u>પુનર્લગ્ન કે બીજુ લગ્ન</u>** - 1865માં વિધવા સ્ત્રીને પુનર્લગ્નનો અધિકાર મળ્યો. વિધવા કે ત્યક્તા સ્ત્રીઓના પુનર્લગ્નનને કાનૂની માન્યતા મળી છે. પરંતુ પુત્ર પ્રાપ્તીની ઘેલછામાં ઘણીવાર પુનર્લગ્ન કે બીજા લગ્ન થતાં હોય છે. પરંતુ હવે વિચારસરણીમાં બદલાવ આવ્યો છે. દિકરો-દિકરી એક સમાન ગણવામાં આવે છે. વળી, પુત્રી પણ મિલકતમાં કાયદેસરની વારસદાર ગણાય છે. તેથી પુત્ર પ્રાપ્તી માટે બીજુ લગ્ન કરવાનો આગ્રહ ઘટતો જાય છે. મેડિકલ સાયન્સે પણ પુરવાર કર્યું છે કે પુત્રી જન્મ માટે સ્ત્રી જવાબદાર નથી પુરૂષ ઉપર રહેલો છે. કારણ કે પુરૂષમાં રહેલા એક્સ-વાય, રંગસૂત્રો જવાબદાર છે. એટલે તે કારણોસર પતિ પોતાની પત્નીને દોષિત ઠરાવી શકે નહીં, માટે બીજુ લગ્ન પ્રથા બંધ થઇ.
- **<u>શુલ્કપ્રથામાં પરિવર્તન</u>** – વ્તમાન સમયમાં દહેજ પ્રતિબંધક કાનૂનથી પરિસ્થિતિ સુધરી છે. પરંતુ શુલ્કપ્રથા સમસ્યરૂપ બની ગઇ છે. આધુનિક ભારતમાં વરશુલ્ક અને કન્યાશુલ્ક રોકડ રકમ સ્વરૂપમાં ચૂકવવામાં આવે છે અને શુલ્કનું પ્રમાણ ખૂબજ ઊંચુ ગયું છે, તે હવે લગ્નની એક શરત તરીકે કેટલીક જ્ઞાતીઓમાં જોવા મળે છે. જે જ્ઞાતીઓ અને સમુદાયોમાં કન્યાશુલ્ક પ્રથા હતી તેઓમાં વરશુલ્ક-દહેજપ્રથા પ્રચલીત બનવા લાગી છે. પરંતુ શિક્ષણનું પ્રમાણ વધતા શિક્ષિત યુવક-યુવતીઓ સ્વૈચ્છિક રીતે જૂના રિવાજોનુ ખંડન કરે છે અથવા પેટા-જ્ઞાતિ વચ્ચે કે આંતરજ્ઞાતિય લગ્નો કરીને લગ્ન વખતે લેવડ-દેવડની બાબતને ગૌણ બનાવે છે.કેટલાક જ્ઞાતિપંચો પણ આ અંગે સુધારા સુચવે છે.
- **<u>જીવનસાથી પસંદગીનું વિશાળક્ષેત્ર</u>** – એકજ વિશાળ જ્ઞીતિમાં પેટાજ્ઞાતિઓ વચ્ચેના અંતરમાં જે ઘટાડો નોધાયો છે, તેના પરિણામે જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષાએ લગ્ન માટે "પાત્ર પસંદગી-મેળા" નું આયોજન કરવામાં આવે છે. જેના કારણે પાત્ર પસંદગીમાં સ્વતંત્રતા મળે છે અને મોકળાશ ઉભી થાય છે. ઘણી જ્ઞાતિઓ આવા કાર્યક્રમો કરતી જોવા મળે છે. જીવનસાથી **પસંદગીનું વિશાળક્ષેત્ર** મળી રહે તે માટે વર્તમાન સમયમાં પ્રાદેશીક તેમજ રાષ્ટ્રીય સ્તરના અખબારોમાં જાહેરાત આપવામાં આવે છે.ઓન લાઇન મેરેજબ્યુરો કાર્યરત થયા છે.ઇન્ટરનેટ દ્વારા ચેટીંગ-સેટીંગ કરીને પરિચય મેળવી લગ્નો થવા લાગ્યા છે.જેના દ્વારા પસંદગી ના ક્ષેત્રને વિશાળ બનાવવામાં આવી રહ્યાં છે.તેમજ ભિન્ન-ભિન્ન ભાષાઓ, બોલ કે સંસ્કૃતી ધરાવતી વ્યક્તિઓ વચ્ચે લગ્નો વધી રહ્યા છે. "લંકાની લાડી ને ઘોઘાનો વર"

- <u>લગ્નની રીતો</u> – ધામ-ધૂમથી, સાદગીથી, વૈભવથી, કોર્ટમેરેજ, સમૂહલગ્ન, ઘરઆંગણે, પાર્ટીપ્લોટમાં કે હોલમાં, વગેરે રીતો અજમાવાય છે.પહેલા જાનૈયાને ત્રણ દિવસ રાખી, છ ટંક સરભરા કરવામાં આવતી પણ આજે તો માત્ર છ કલાકમાં તો સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થઇ જાય છે.આજે તો સીધા પાર્ટીપ્લોટમાં સાંજે 4 કલાકે આવે અને રાત્રે 10 કલાકે તો વિદાય. છ કલાકમાં લગ્નઆવકાર, ગીતો, વિધિ, કન્યાદાન, ભોજન, વ્યવહાર, અને વળાંમણાં. તાજેતરમાં બેંગલુરમાં સૌથી ભપકાદાર અને ખર્ચાળ લગ્નમાં દક્ષિણ ભારતના રેડ્ડી ફેમિલીની પુત્રી બ્રહ્માણીનાં લગ્ન ગણાય છે. દુલ્હો હતો રાજીવ રેડ્ડી. લગ્નનો મંડપ શણગારવા બોલિવૂડના સેટ ડિઝાઇનરોને બોલાવાયા હતા. બેંગ્લુર-કર્ણાટકના રાજા કૃષ્ણદેવરાયના પેલેસ જેવો જ પેલેસ લગ્ન માટે બંધાયો હતો. બેંગ્લુરનું આખું પોલિસ ગ્રાઉન્ડ એક મિનિ-ટાઉન લગ્ન માટે થઇ ગયું હતું. સ્કૂલથી માંડીને બળપણના ઘર જેવાં જ મોડેલ ઉભા કરાયા. 50000 મહેમાનોને આમંત્રિત કરાયા. મોટાભીગના વીઆઇપી હતા.300 પોલીસમેન અને 3000 અંગત ચોકીદારો હતાં. દુલ્હને રૂ. 17 કરોડની સાડી પહેરેલી અને રૂ. 90 કરોડની જ્વેલરી પહેરી હતી. ઘોડા, હાથી, ઊંટ, અને વર-કન્યા માટેની બગ્ગીઓ મંગાવાયા હતાં. આ લગ્નને “ વન ઓફ ધ મોસ્ટ એક્સ્પેન્સિવ મેરેજ ” કહેવાય છે. કેટલા કરોડ કે અબજ એ આંકડો મહત્વનો નથી, પાણીની જેમ પૈસા વેરાયા હતાં.
- <u>છૂટાછેડાને કાનૂની માન્યતા</u> - છૂટાછેડા શબ્દ હિન્દુ સમાજમાં તિરસ્કાર પાત્ર હતો. આજે છૂટાછેડાવાળી સ્ત્રી જે ઊંચી કરિયરવાળી છે તે માનવંતી હોય છે. સ્ત્રીની બેવડી ભૂમિકા પણ જવાબદાર છે.પરંપરાગત ભારતમાં લગ્ન એક પવિત્ર સંસ્કાર મનાતું હોવાથી છૂટાછેડા સમાજમાન્ય ન હતા. લગ્નને અતૂટ બંધન ગણવામાં આવતુ. 1955ના હિન્દુ લગ્ન કાયદામાં તેમજ 1954ના સ્પેશ્યલ મેરેજ એક્ટમાં છૂટાછેડાની જોગવાઇ કરવામાં આવી છે. આધુનિક ભારતમાં વસતા તમામ ધર્મોના સ્ત્રી-પુરૂષોમાં છૂટાછેડાનું પ્રમાણ વધી રહ્યું છે. દુ:ખી દામ્પત્યજીવનનો અંત લાવવા હવે સ્ત્રી-પુરૂષો છૂટાછેડાનો માર્ગ અપનાવે છે. છૂટાછેડા મેળવવા જ્ઞાતિપંચો અને કાયદાનો આધાર લેવામાં આવે છે. પરિણામ સ્વરૂપ લગ્નસંસ્થા અને કુટુંબસંસ્થા એ ભારતમાં સામાજીક સમસ્યાનું કેન્દ્ર બની રહ્યા છે. પરંતું છૂટાછેડા બાદ પુનર્લગ્ન પણ થવા લાગ્યાં છે, તેમજ લગ્નનું સંસ્કારસ્વરૂપ નાબૂદ થયું છે તેવું નથી.
- <u>પતિ-પત્ની ના સંબંધમાં પરિવર્તન</u> – લગ્નબાદ પતિ-પત્ની વચ્ચેના સામાજિક સંબંધમાં પરિવર્તન આવેલું જોઇ શકાય છે. ખાસકરીને શિક્ષણ મેળવેલા અને કારકિર્દીને મહત્વ આપનારા સ્ત્રી-પરૂષોની લગ્ન, કુટુંબ, જ્ઞાતિ, ધર્મઅંગેની માન્યતાઓ અને વિચારોમાં વર્તમાન સમયમાં નોધપાત્ર પરિવર્તનો આવવા લાગ્યા છે. આજે પત્ની એટલે દાસી નહિ.

પતિને દેવ ગણવામાં આવે તો પત્ની પણ દેવી તરીકેનું સ્થાન પ્રાપ્ત કરે છે. પત્ની પોતાનો સામાજિક દરજ્જો અને ભૂમિકા પતિની સમકક્ષ બનાવી શકી છે. એટલે કે મૈત્રીપુર્ણ વ્યવહાર શક્ય બન્યો છે. જે પરંપરાગત સમયમાં પતિ-પત્ની વચ્ચે જે પ્રકારના સત્તા અને તાબેદારીના સંબંધો હતા તે હવે શક્ય રહ્યા નથી અને આવા સંબંધો હવે સમાનતા અને સ્વાતંત્ર્યપૂર્ણ બનવા લાગ્યા છે. વર્તમાન સમય, સ્ત્રી સમાન નહી પણ સન્માનનીય છે.

- <u>લગ્ન પહેલાં અને બહારના જાતીય સંબંધો</u> – સ્ત્રી-પુરૂષ વચ્ચે જાતીય સંબંધ લગ્નને કારણે જ સમાજ માન્ય અને કાયદેસરના ગણાય છે. હિન્દુ શાસ્જ્ત્રોમાં લગ્ન પહેલાના જાતીય સંબંધોની છુટ જોવા મળતી નથી. આથી લગ્ન સંસ્થા દ્વારા વ્યક્તિ જાતીય વૃત્તિનો સંતોષ પ્રાપ્ત કરી શકે છે. આ જાતીય સંબંધ ક્ષણિક નથી, જાતીય સાતત્ય લગ્નને કારણે જ શક્ય બને છે. સમાજમાં માનવી અનેક પ્રકારના સંબંધો બાંધે છે. પણ લગ્ન દ્વારા સ્થપાતો સંબંધ વ્યક્તિના અન્ય સંબંધો કરતાં સૌથી વધુ અંગત, ગાઢ અને નિકટનો છે. આ સંબંધમાં વ્યક્તિનું સમગ્ર વ્યક્તિત્વ કેન્દ્રીત થાય છે. લાગણી અને સ્નેહને ઉત્તમ રૂપે વ્યક્ત કરી શકે છે. આથી વ્યક્તિને લગ્નસંસ્થા દ્વારા માનસિક સંતોષ મળી શકે છે.પરંતુ આધુનિકતા તેમજ પશ્ચિમી સંસ્કૃતિની અસરના કારણે ભારતમાં લગ્ન પહેલાં અને લગ્ન બહારના જાતીય સંબંધોમાં તીવ્રતાથી વધારો થઇ રહ્યો છે. જે ભારતીય સમાજ માટે મોટી સમસ્યા તરીકે જોવા મળે છે. દેશમાં થયેલા સંશોધન અનુસાર 21મી સદીના પ્રારંભે લગ્ન પહેલાં અને બહારના જાતીય સંબંધોના પ્રમાણમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. પ્રચાર-પ્રસાર માધ્યમોના વ્યાપને કારણે તેમજ ઇન્ટરનેટ અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો, મોબાઇલ, કમ્પ્યુટરના ઉપયોગથી જાતીયતાનો પ્રચાર-પ્રસાર વધ્યો છે. જાતીય સંબંધોમાં આવી રહેલી સ્વતંત્રતાને કારણે લગ્નનું બંધન એ બંધન ન રહેતાં સમસ્યાઓ સર્જે છે. સમાચાર પત્રોમાં આવા પ્રણય ત્રિકોણના કિસ્સા વારંવાર વાંચવા મળે છે જેમાં " લવ કમ SEX જયાદા " જેવી સ્થિતિ જોઇ શકાય છે. જે છુટાછેડાના જવાબદાર પરિબળ ગણી શકાય. વળી, જાતીય સંબંધોમાં સ્વતંત્રતાને કારણે જોખમી જાતીય વ્યવહારો વધતા જાય છે. તેમજ પુરતા જ્ઞાનના અભાવે ગુપ્તરોગો અને એઇડ્સ જેવા રોગ થઇ રહ્યા છે અને આ રોગોનો ફેલાવો પણ ઝડપથી સમાજમાં પ્રસરતો જોવા મળી રહ્યો છે જના કારણે દેશના યુવાધનનો વ્યય થઇ રહ્યો છે.
- <u>માતૃત્વ કે પિતૃત્વની લાગણી હીનતા</u> – લગ્નસંસ્થાનું કાર્ય છે કે તે સ્ત્રી-પુરૂષને જાતિય જીવન જીવવાનો અધિકાર આપે છે કે જે સમાજના રિવાજ અને રાજ્યના કાયદા દ્વારા

સ્વીકાર થયો હોય. આ પ્રકારના સંબંધમાં લગ્ન કરનારી વ્યક્તિઓ અને થનારાં બાળકોના પારસ્પરિક હક્કો અને ફરજોનો સમાવેશ થાય છે. હિન્દુ શાસ્ત્રોમાં લખ્યું છે કે " સ્ત્રી " પોતાના જીવનમાં ત્રણ જન્મ ધારણ કરે છે – પ્રથમ જન્મ તે દિકરી તરીકે પિતાના ઘરે જન્મ ધારણ કરે છે. બીજો જન્મ તેનાં લગ્ન થય ત્યારે પતિના ઘરે રહેવા જાય છે અને ત્રીજો જન્મ તે સંતાન પ્રાપ્ત કરી માતા બને છે, માતૃત્વ ધારણ કરે છે. સાથે-સાથે પતિને પિતૃત્વનો દરજ્જો મળે છે, પિતા બને છે. **વર્તમાન સમયમાં.....** સમાજના કેટલાક સ્ત્રી-પરૂષો લગ્ન અને દામ્પત્ય સંબંધને પોતાની કારકિર્દી અને સ્વતંત્રતા માટે અડચણ રૂપ માને છે. તેઓ પ્રજોત્પાદન અને બાળઉછેરની જવાબદરી ઉઠાવવા તૈયાર હોતા નથી. આવા લોકોને લાગણી હિન મનુષ્યો કહેવાય. આવા લોકોમાં કાંતો માતૃત્વ કે પિતૃત્વની લાગણીઓનો અભાવ હોય છે, કાંતો કુંઠિત થઇ ગઇ હોય છે. આવા સ્ત્રી-પરૂષો એકલા રહેવાનું વલણ ધરાવે છે અથવા લગ્ન વિના સહજીવન જીવવા માટે બિન પ્રજોત્પાદક જીવન શૈલી ધરાવે છે.

- **અપરણીત રહેવા માટેનું વલણ** – હિન્દુ શાસ્ત્રોમાં લખ્યું છે કે સ્ત્રીને માટે એક જ સંસ્કાર કરવાનુ જરૂરી છે અને તે છે લગ્નનો સંસ્કાર. સ્ત્રી લગ્ન કરે તો જ તેને મુક્તિ મળે. આથી સ્ત્રી માટે લગ્ન અનિવાર્ય છે. હિન્દુ લગ્નની પંરંપરાગત ભાવના પ્રમાણે પતિ-પત્નીનો સંબંધ જીવન પર્યંતનો છે. હિન્દુ લગ્નમાં સામાજિક શ્રેય માટે લગ્નની સફળતામાં સમાધાન અને અનુકૂલનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં લગ્નજીવનમાં સંઘર્ષને જેટલુ મહત્વ અપાય છે તેટલુ પહેલાં ના સમયમાં અપાતુ ન હતું. હિન્દુલગ્નમાં સંબંધ જીવનપર્યંતનો છે, તેવી માન્યતા આજે પણ જોવા મળે છે. પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા અને સ્ત્રીનો પુરૂષ કરતાં ઉતરતો દરજ્જો જેવા કારણોથી સ્ત્રી પુનર્લગ્ન કરી શકતી ન હતી. ઉપરાંત પુરૂષને ધાર્મિક અને સામાજિક કારણોસર બીજીવાર લગ્ન કરવાની છુટ આપવામાં આવતી હતી. આમ, હિન્દુલગ્નમાં પતિ-પત્નીનો સંબંધ અતૂટ માનવામાં આવ્યો છે. હિન્દુ શાસ્ત્રોમાં સંતાન પ્રાપ્તિને મહત્વનું ગણ્યું છે. લગ્ન સંસ્થાથી સ્ત્રી-પુરૂષ સામાજિક રીતે સમાજમાં તેઓની પ્રતિષ્ઠા જોખમાયા વગર સંતાનો પ્રાપ્ત કરી શકે છે. નવાં જન્મતાં બાળકોનું સામાજિક સ્થાન પણ લગ્ન દ્વારા નક્કી થાય છે. પુત્રહીન માનવીને સ્વર્ગમાં સ્થાન મળતું નથી. પું નામના નર્ક માંથી તારે તે પુત્ર એમ કહેવાય છે. પિત્રુઋણ ત્યારેજ અદા થાય છે જ્યારે પુત્ર પિતાનું તર્પણ કરે છે. આથી સંતાન પ્રાપ્તિ અનીવાર્ય ગણાયું છે. લગ્નગ્રંથી દ્વારા જ સ્ત્રી-પુરૂષ સંતાન પ્રાપ્તિ કરી શકે છે. લગ્નસંસ્થાને આર્થિકસંસ્થા પણ ગણવામાં આવે છે. પત્ની અને બાળકોનું ભરણ-પોષણ કરવાની પતિની ફરજ છે. પરંતું ....... વર્તમાન

સમયમાં શિક્ષિત બનેલી સ્ત્રીમાં હિન્દુ ધર્મનાં વિચારો અને માન્યતાઓમાં પરિવર્તન આવ્યાં છે. લગ્ન કરવાથી સ્ત્રી-પુરૂષ એકબીજાની ફરજો, હક્કો અને જવાબદારીઓના બંધનમાં જકડાવું પડે તેવું તેઓ ઇચ્છતા નથી. કેટલીક સ્ત્રીઓ ગર્ભાધાન અને પ્રજોત્પાદનથી દૂર ભાગે છે. તેઓ પોતાની સુંદર, કમનીયકાયા જીવનપર્યંત જાળવી રાખવા માંગે છે. આવા સ્ત્રી-પુરૂષો લગ્ન સંબંધને બંધનરૂપ અને બોજારૂપ માનીને તેની અવગણના કરવા લાગ્યા છે. માટે વર્તમાન સમયમાં કેટલાંક સ્ત્રી-પુરૂષોમાં લગ્ન અને તેને પરિણામે ઉભી થતી પારસ્પરિક ફરજો અને જવાબદારીઓ માંથી છટકવા માટે અપરણીત રહેવા માટેનું વલણ ધરાવે છે. સમાજમાં સ્ત્રી-પુરૂષોનું આવું વલણ પોતાની ઇચ્છાથી હોય કે પરિસ્થિતિવશ હોય પરંતું તે લગ્નસંસ્થા અને કુટુંબસંસ્થા માટે પડકાર જનક અને ભયરૂપ છે. માનવી હોય કે પશુ-પક્ષી દરેકને હુંફ ની જરૂર હોય છે. પરંતુ આ આધુનિક સમયનાં સ્ત્રી-પુરૂષોમાં અપરણીત રહેવાનું વલણ વધતું જાય છે.

- <u>**લિવ ઈન રિલેશનશિપ**</u> – ભારતીય કાનૂનમાં “ લિવ ઈન રિલેશનશિપ ” ને મંજુરી મળી છે.પરંતુ તેનું પ્રસરણ સીમિત છે. ગુજરાત રાજ્યમાં પણ આ લિવ ઈન રિલેશનશિપનો આશરો લઇ સ્ત્રી-પુરૂષ જોડાઇને જીવનજીવે છે. પણ તેને સમાજ હજુ સ્વિકારતો નથી. લિવ ઈન રિલેશન એટલે બિનપ્રજોત્પાદક જીવનશૈલી જેમાં ગમે તે લિંગની બે કે તેથી વધુ વ્યક્તિઓ સાથે જાતીય સંબંધો રાખી શકે છે. આવી જીવનશૈલીમાં “ લગ્ન ” કરવાની જરૂર નથી. આ જીવનશૈલીમાં લગ્ન કર્યા વગર સ્ત્રી અને પુરૂષ સહજીવન જીવતા હોય. માત્ર બે પુરૂષો સહજીવન જીવતા હોય કે માત્ર બે સ્ત્રીઓ ( ગે-લેસ્બીયન રિલેશનશિપ ) પણ આવું સહજીવન જીવતી હોય છે. જેમાં જાતીય સંબંધો વિજાતીય કે સજાતીય પણ હોઇ શકે છે. ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરના પાલડીમાં આવેલા મહેંદી નવાબગંજ હોલમાં “ લિવ ઈન રિલેશનશિપ ” સંમેલનનું આયોજન થયું હતું. જેનું ટાઇટલ હતું “ પાનખરમાં ખીલી વસંત ” જેમાં સિનિયર સિટિઝન માટે આ લિવ ઈન રિલેશનશિપનું આયોજન કરવામાં આવેલું, તેમાં 300 જેટલા પુરૂષો અને 70 જેટલી મહિલાઓ આવી પહોંચી હતી. ( ગુજરાત સમાચાર,રવિપૂર્તિ,તા-11/12/11 ). ભારત દેશમાં,વર્ષ 2010ની 22મી ઓક્ટોબરે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ માર્કન્ડેય કાત્જૂના નેતૃત્વ હેઠળની ખંડપીઠે આપેલા એક ચુકાદામાં કહ્યું હતું કે સમાજની નજરમાં પતિ-પત્નીની જેમ રહેતા અપરણીત યુગલની લાંબા સમયની લિવ ઈન રિલેશનશિપને એ જ કાનૂની દરજ્જો મળવો જોઇએ જે ઔપચારિક રીતે થયેલા લગ્નને મળે છે. તેમણે લિવ ઈન રિલેશનશિપને મોટા શહેરોમાં સ્વાભાવિક રીતે વધતી જતી ઘટના તરીકે વર્ણવી

હતી. અદાલતે સ્પષ્ટતા કરી હતી કે લિવ ઈન સાથી દ્વારા ત્યજી દેવાયેલી માનુની તેની પાસેથી વળતર મેળવવા હકદાર બને છે. પાશ્ચાત્ય દેશોમાં આવી જીવનશૈલી વ્યાપક બની છે જેની અસર ભારતમાં અને ધીરે-ધીરે ગુજરાતમાં પણ આવી જીવનશૈલી જીવતાં સ્ત્રી-પુરૂષોની સંખ્યા વધતી જઇ રહી છે.

- **હિન્દુ લગ્નનું મુખ્ય કાર્ય ધર્મ** - હિન્દુ લગ્નનું મુખ્ય કાર્ય ધર્મ છે. ધર્મ એટલે ફરજ-કર્તવ્ય એવો અર્થ અહીં કરીશું. માનવજીવનમાં જે મહત્વની ફરજો વ્યક્તિએ અદા કરવાની છે એને ધર્મ ગણવામાં આવે છે. હિન્દુશાસ્ત્રો મુજબ માનવીએ બે મહત્વની ફરજો અદા કરવાની હોય છે. (1) મહાયજ્ઞો અને (2) ઋણયજ્ઞો એટલે અમુક ઉપયોગી એવી ધાર્મિક વિધિઓ દરેક વ્યક્તિએ પોતાના જીવન દરમ્યાન ઓછામાં ઓછા પાંચ યજ્ઞો કરવાના હોય છે. પિતૃ, દેવ, પ્રાણી, બ્રાહ્મણ અને માનવ. પિતૃ માટે તર્પણ- શ્રાદ્ધ કરવાનું, દેવને માટે ધાર્મિક વિધિઓ, પ્રાણીઓ માટે ખાવાપીવામાંથી ભાગ આપવો, બ્રાહ્મણ માટે વેદનો મંત્રોચ્ચાર અને માનવીઓ માટે અતિથિ સત્કાર. આ યજ્ઞો દરેક દંપતીએ કરવા જોઇએ. આ દંપતી દ્વારા થતા હોવાથી ગૃહસ્થ બનવું જરૂરી છે. લગ્ન દ્વારા જ ગૃહસ્થ બની શકાય છે. બીજુ કે દરેક વ્યક્તિએ ત્રણ ઋણ અદા કરવાના હોય છે. પિત્રુઋણ, દૈવઋણ અને ઋષિઋણ. આ ઋણ ચૂકવ્યા બાદ જ પૂર્વજોને અને પોતાને મુક્તિ મળે છે. પોતાના પૂર્વજો પ્રત્યેનું, સંતો પ્રત્યેનું અને ધર્મ તરફનું ઋણ એટલે કે દેવું નહિ ચૂકવનાર ગુનેગાર બને છે. આ ઋણ ચૂકવવા માટે પણ ગૃહસ્થી બનવું જરૂરી છે. લગ્નગ્રંથિથી જોડાયેલા સ્ત્રી-પુરૂષો જ આ ઋણ ચૂકવી શકે છે. એટલે કે આ બંને પ્રકારની ધાર્મિક વિધિઓ લગ્ન બાદ જ કરી શકાય છે. એટલે લગ્ન સંસ્થાનું આ મહત્વનું કાર્ય ગણાય છે. પરંતુ વર્તમાન સમયમાં લગ્નસંસ્થાની બદલાતી તરાહ થી શું આ કર્તવ્ય-ધર્મ શક્ય છે ?

**3. તારણો -**

વર્તમાન સમયમાં શહેરીકરણ, ઔધોગીકરણ, શિક્ષણ જેવા પરિબળોને લીધે વ્યક્તિ ઉચ્ચ જીવનધોરણની મહત્વકાંક્ષા સેવતા પોતાના જીવનમાં બધુ જ એક સાથે અને ઝડપથી મેળવવા પ્રયત્નશીલ બને છે. જેમાં સાથો-સાથ પોતાના " અહમ્ " ને પણ પોષે છે. આ પરિસ્થિતિ જ્યારે પરસ્પર સ્પર્ધાના ભાગરૂપ બને છે, ત્યારે લગ્નજીવનમાં અનેક સવાલો ખડા કરે છે. લગ્નજીવનમાં અનેક વિટંબણાઓ ઊભી કરે છે, વિસંવાદિતા જન્માવે છે, અંતે ભગ્ન કુટુંબની પરિસ્થિતિ સર્જે છે.વિધાતક પરિણામોને સમસ્યાના સ્વરૂપે જોઇએ તો આજે પણ બાળ-લગ્નો દ્વારા થતાં કજોડા લગ્નો જોઇ શકાય છે. જે બાળ-લગ્ન પ્રતિબંધક કાનૂનની નિષ્ક્રિયતાનો નિર્દેશ કરે છે તથા માતૃ મરણદર માં

પણ અસર કરે છે. બીજી તરફ સમાજના કેટલાક કુરિવાજો-દહેજ, અધિલગ્નપ્રથા, જેવા પરિબળોએ ખાસ કરીને પૃથગ્વાસ, ત્યક્તા, છૂટાછેડા, સ્ત્રીઓનું કુંવારાપણું જેવી સમસ્યાઓ સર્જી છે. એકવીસમી સદીનો એક મોટો સામાજિક પ્રશ્ન આપણા તૂટી રહેલા પરિવારો છે અને તે પ્રતિદિન વધુ ગંભીર બની રહ્યો છે. નવી પેઢીને આ સમસ્યાનો સામનો સવિશેષ કરવાનો આવે છે કારણ કે લગ્નના શરૂઆતના વર્ષોમાં જ ખાસ કરીને યુવતીઓને પારિવારિક હિંસાનો સામનો કરવો પડે છે. લગ્નસંસ્થાના વર્તમાન સ્વરૂપે જે સમસ્યાઓ પેદા કરી છે તે સમસ્યામો ભોગ બનવામાંથી બચવાના ઉપાય તરીકે અપરિણીત અવસ્થા, લગ્ન વિના સહજીવન, સજાતીય સંબંધો જેવા નવા માર્ગો કે વિકલ્પોની પસંદગી તરફ નવી પેઢી વળવા લાગી છે. આ વિકલ્પો એક બાજુ, કુટુંબ અને સમાજમા નવા સભ્યોની ભરતીના કાર્ય માટે અવરોધરૂપ બને છે અને બીજી બાજુ આ વિકલ્પો એઇડ્ઝ જેવા ભયાનક રોગોનાં મૂળ બની રહે છે. વર્તમાન સમયમાં લગ્નસંસ્થામાં બદલાતી તરાહ એકવીસમી સદીનો એક મોટો પડકાર છે.

**3.1 સૂચિત ક્રિયાત્મક પગલાં -**

- લગ્નની વિધિ દ્વારા સમાજમાન્ય રીતે પતિ-પત્નીનો દરજ્જો પ્રાપ્ત કરનાર સ્ત્રી-પુરૂષે પરસ્પર એકબીજાને સમજવાની, અનુકૂલન સાધવાની તથા વફાદાર રહેવાની ભાવનાને મજબૂત કરવી જરૂરી છે.
- હિન્દુઓના સોળ સંસ્કારમાનો એક સંસ્કાર લગ્ન છે અને તેને પવિત્ર માનવામાં આવે છે. આ પવિત્ર બંધનને આજીવન પવિત્ર રાખવાની જવાબદારી શું માત્ર સ્ત્રીની જ છે ? પુરૂષોએ કે પતિઓએ આ દિશામાં પ્રામાણિક પ્રયત્નો કરવાનું માંડી વાળ્યું છે અને તેને પરિણામે લગ્નનું સાતત્ય એટલે સ્ત્રીની સફળતા એવું સમીકરણ સહેજે મંડાઇ જાય છે, જે બદલાવું જોઇએ.
- જ્ઞાતિસંસ્થા અને સ્વૈચ્છિક સંસ્થાઓના માર્ગદર્શન કેન્દ્રો ,પ્રચાર-પ્રસાર માધ્યમોએ વધુ સક્રિય બનવું રહ્યું.
- શાળા-કોલેજમાં ભણાવતા શિક્ષકોને આ સંદર્ભે તાલીમ આપી તેઓના વિદ્યાર્થીઓમાં લગ્નજીવનનું મહત્વ અને ખાસ કરીને સ્ત્રીઓ તરફના સમાનતાભર્યા દ્રષ્ટિકોણનો વિકાસ કરવાની જવાબદારી સોંપવી અનિવાર્ય બને છે.
- આજે બધાને બધું જ બમણું જોઇએ છે.પાંચ-દશ ઇચ્છાઓ કોઇ એક જ કુવર કે કુવરી માં હોય તેમ બધા ઇચ્છે તે કેવી રીતે શક્ય બને ? બુદ્ધિપૂર્વક અને સમજદારીપૂર્ણ કામ કરીએ તો જરૂર વાત બને, જે બંને પક્ષે અનિવાર્ય છે.

**સંદર્ભગ્રંથો –**


- જાની ગૌરાંગ (2013) આયનામાં સમાજ,રાજકોટ : ફૂલછાબ પ્રકાશન.
- જોષી વિદ્યુત (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, અમદાવાદ: યુનિ.ગ્રંથ.બોર્ડ, ગુજરાત રાજ્ય.
- જોષી કલ્પેશ (2014) હવે લગ્નવિધિ અંગ્રેજીમાં તે પણ લેપટોપથી, સખી સામયિક.
- ડાકોરા સલીમ (2009) ભરવાડ જ્ઞાતિમાં લગ્નવ્યવસ્થા,એમ.ફીલ.અભ્યાસ, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
- દવે જે.કે. (2014) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન-2, અમદાવાદ: અનડા પ્રકાશન.
- પટેલ અર્પિત (2009) ડુંગરી ગરાસિયા જાતિમાં લગ્નવ્યવસ્થા,એમ.ફીલ.અભ્યાસ,અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
- પટેલ નરસિંહ (1991) લગ્ન પ્રપંચ, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર.
- પરમાર પુષ્પા (2010) ભરતીય અને અમેરિકન સમાજમાં લગ્નવ્યવસ્થાની વિભાવના, અમદાવાદ: પાર્શ્વ પબ્લિ.
- રાવલ ચંદ્રિકા અને ધ્રુવ શૈલજા (2014) સ્ત્રીઓ અને સમાજ, અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન.
- ગુજરાત સમાચાર, રવિપૂર્તિ, તા-11/12/11 , રવિવાર.